॥ સનાતન પરમો ધર્મ ॥ શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

પ્રચાર પ્રસાર · જાગૃત ઉજાગર · સોસીયલ મિડીયા

સનાતન ધર્મ પત્રિકા

Email : office@sanatandharmpatrika.com | Web : www.sanatandharmpatrika.com

● સં. ૨૦૭૭ ● શ્રાવણ સુદ -૩ ● તા. ૧૧-૦૮-૨૧ ● બુધવાર SDP NO: 477 MOB. : +91 78018 77774, +91 77189 77774. anksanatandharmpatrika@gmail.com

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન - ઊંઝા

સુરતની મહિલાઓનું સન્માન કરતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશ..

VUF સુરતમાં મહિલા સંઘઠનની સભામાં સચાલનની ઉત્તમ કાર્ય કરનાર, નર્મદા સેંઘાણી, દમયંતી ભાવાણી, પુષ્પાબેન લીંબાણી.

સંચાલિત, શ્રી ઉમિયા પરિવાર મહિલા સંગઠન આયોજિત સુરત જિલ્લા મહિલા સંમેલન શ્રી ઉમિયા પરિવાર ટ્રસ્ટ સુરતના સહયોગથી તારીખ ૦૯-૦૮-૨૦૨૧ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે ઉમિયાધામ - વરાછા - સુરત ખાતે વિશ્વાસ ભવન માં ખૂબ જ ભવ્ય આયોજન સાથે યોજાઈ ગયું.

આ કાર્યક્રમ માં ઉમિયા માતાજી સંસ્થાન મહિલા પ્રમુખ ડૉ. જાગૃતિબેન પટેલ, ડૉ. ઉષાબેન હોંશલિયા (સહ કન્વીનર), કુસુમ બેન પટેલ જેઓ લક્ષચંડી યજ્ઞના મહિલા કન્વીનર અને કા. સભ્ય છે. નીતા બેન પટેલ (કા. સભ્ય) આ બહેનો ઊંઝા થી આવી હતી.

સૌ પ્રથમ સ્થાનગ્રહણ, મહેમાનો દ્વારા દીપ પ્રાગટય અને મહેમાનો નું સ્વાગત આપણી સમાજની દીકરી કુ કેશવી રંગાણી અને કુ હસ્તી માકાણી દ્વારા કરવામાં આવ્યું. હોદેદારો દ્વારા મહેમાનો નું શાલ ઓઢાડી સન્માન...

ત્યાર બાદ સ્વાગત પ્રવચન પ્રમુખ શ્રીમતી હીરાબેન પટેલે કર્યું. ઉપપ્રમુખ પુષ્પાબેન લીંબાણી દ્વારા ઉમિયાધામ મા મહિલાઓ દ્વારા થતી પ્રવૃતિનો અહેવાલ આપવામાં આવ્યો. ઉમિયા પરિવાર ટ્રસ્ટ ના પ્રમુખ જશુભાઈ બૉમ્બે અને મંત્રી શ્રી રાજુભાઈ પટેલે ટ્રસ્ટ ની માહિતી આપી.

ડૉ. ઉષાબેન હોંશલિયાએ ઊંઝા મંદિરની પ્રવૃતિનો અહેવાલ આપ્યો. ડૉ. જાગૃતિબેન પટેલે મહિલા સંગઠનની ખૂબ મહત્વ ની વાતો કરીને કહ્યું મહિલા ને કોઈ ડિગ્રી ની જરૂર નથી. પારદર્શક બનો અને મહેનત કરો.

આ કાર્યક્રમમાં સુરત જિલ્લા ની ખૂબ જ મોટી સંખ્યામાં નારી શક્તિ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમ નું સફળ સંચાલન શ્રીમતી નર્મદાબેન સેંગાણી એ કર્યું હતું અને અંત માં આભારદર્શન શ્રીમતી દમયંતીબેન ભાવાણી એ કર્યું હતું.

સૌ બહેનો સાંજનું ભોજન (માં ઉમાનો પ્રસાદ) લઈને છૂટા પડ્યા હતા

સંયોજક : દમયંતી ભાવાણી, સુરત

જય લક્ષ્મીનારાયણ — **આજનું આચમન**

કુટુંબને કેમેરામાં ભેગું કરીને બતાવવું ખુબ જ સહેલું છે
પણ એ જ કુટુંબને ભેગું રાખીને જીવવું ખુબ અઘરું છે

શ્રાવણ સુદ ૩, વિ. સંવત ૨૦૭૭
બુધવાર, તા. ૧૧.૮.૨૦૨૧

શ્રી લક્ષ્મીનારાયણ કેન્દ્રસ્થાન
સંસ્કારધામ
દેશલપર - કચ્છ

મોટી વિરાણીના ખેડુતોની જીત...

સનપાવર ઈન્ડિયા વેંચર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીએ વિરાણી મોટી ગામ ના રવિભાણ આશ્રમના મહંતશ્રી શાંતિદાસ બાપુ તથા હરિલાલ મૂળજી દિવાણી અને અન્ય વ્યક્તિઓ ૦૯ સામે નામદારશ્રી પ્રિન્સિપાલ સિનિયર સિવિલ જજ સાહેબ નખત્રાણા સમક્ષ મહંતશ્રી તથા અન્ય ખેડૂતોની ખેતીની જમીનમાં વિજપોલ સ્થાપિત કરવા ની કામગીરીમાં ખેડૂતો અટકાયત કે અંતરાય ના કરે તે અન્વયે મનાઈ હુકમ માંગેલો જે નખત્રાણા કોર્ટ દ્વારા કંપનીની તરફેણમાં મનાઈ હુકમ આપી મંજુર કરવામાં આવેલો. જે સામે મહંત શ્રી શાંતિદાસ બાપુ અને હરિભાઈ મૂળજી દિવાણી પટેલ દ્વારા નામદાર દસમા ડિસ્ટ્રીકટ જજ સાહેબ ભુજ સમક્ષ નખત્રાણા ના યુવા ધારાશાસ્ત્રી જીતેન સુભાષ જોશી મારફતે હાજર થઇ એડવોકેટ જીતેન જોશીએ ધારદાર દલીલો કરેલ કે, સદરહુ કેસમાં નામદાર સિવિલ કોર્ટ ને ઈલેકટ્રીસીટી એકટ અને સિવિલ પ્રોસીજર કોડ મુજબ મનાઈ હુકમ આપવા કે કેસ ચલાવવા કોઈ સતા અધિકાર નથી. કંપનીએ ખેડૂતો સમક્ષ કોઈ રૂટ મેપ રજૂ કરેલ નથી કે ખેડૂતોની પૂર્વ પરવાનગી વિના તેમની જમીનમાં પ્રવેશ કરેલ છે.

અવિકિરણ કંપનીને કામ કરવા લાઈસન્સ મળેલો જે અન્વયે અવિકિરણ કંપનીએ સૂઝલોન પાવરને કોઈ કોન્ટ્રાક્ટ કર્યા વિના કામ આપેલો તેમજ સૂઝલોન પાવર એ વિજ ટ્રાન્સમિશન લાઈન પસાર કરવાનો કામ કોઈ કોન્ટ્રાક્ટ કર્યા વિના સનપાવરને આપવામાં આવેલ. આમ કોઈ કોન્ટ્રાક્ટ વિના જ આ કામ ચાલુ કરવામાં આવેલ. જેમાં સનપાવર ને દાવો દાખલ કરવા કોઈ હકક અધિકાર કે લોકસ સ્ટેનડી નથી. વિગેરે જેવી ધારદાર દલીલો કરેલી જેમાં નામદાર ડિસ્ટ્રીકટ જજ મંડાની સાહેબે નખત્રાણા કોર્ટ દ્વારા આપવામાં આવેલ મનાઈ હુકમ કાઢી નાખેલો અને મૂળ દાવો રદ કરવા અલગ અરજી આપવાનો ઓર્ડર કંપની વિરુદ્ધ અને મહંતશ્રી શાંતિદાસ બાપુ વિગેરીની તરફેણમાં આપેલો.

આ કેસમાં ડિસ્ટ્રીકટ કોર્ટ ભુજમાં મહંતશ્રી શાંતિદાસ બાપુ અને હરિભાઈ મૂળજી દિવાણી પટેલના વકીલ તરીકે નખત્રાણાના યુવા એડવોકેટ ધારાશાસ્ત્રી જીતેન સુભાષ જોશી રહ્યા હતા.

સંયોજક :
અમૃત નાયાણી, બેંગલોર

શ્રી ક.ક.પા.સ.યુવક મંડળ, સુરતની વાર્ષિક સભા

યુવક મન્ડલ ના હોદેદાર અને રિજિયન અગ્રણીઓ સાથે પસન્દગી સમિતિ...

જનરલ સભાના મુકેશ પોકાર અધ્યક્ષ સ્થાને એજેન્ડાના કાર્યો પર વિસ્તૃત ચર્ચા - વિચારણા કરવામાં આવી હતી.

આજની સભામાં યુવાસંઘ DGR, દક્ષિણ ગુજરાત રિજિયન ચેરમેનશ્રી ડો.વિનોદભાઈ રામાણી અને અન્ય હોદેદારોની સૂચક હાજરી રહી હતી, રિજિયનના પસંદગી સમિતિના આગેવાનો પણ ઉપસ્થિત રહ્યાં હતાં અને સૌએ ભેગા મળીને સુરત યુવક મંડળના સભ્યોની કોરોના મહામારી દરમ્યાન બ્લડ ડોનેશન કેમ્પ, સભ્યોને રોકડ અને અનાજની કીટનું વિતરણ, હોસ્પિટલમાં બેડની વ્યવસ્થા, રેમડેસીવીર ઈન્જેકશન અને "ઉમા કોવિડ આઇશોલેસન સેન્ટર" માં નીડર બની વ્યવસ્થા ગોઠવવામાં અને સતત એક મહિના સુધી સેવા બજાવવા બદલ પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માનિત કરી પ્રોત્સાહિત અભિનંદન પાઠવેલ હતાં.

સભામાં સભ્યો દ્વારા YSK યુવા સુરક્ષા કવચ બાબતે પૂછવામાં આવેલ માહિતીની ડો.વિનોદભાઈ દ્વારા વિસ્તારથી છણાવટ કરવામાં આવી હતી.

સુરત યુવક મંડળની વર્તમાન કારોબારી નો કાર્યકાળ પૂર્ણ થતો હોવાથી પ્રમુખશ્રી મુકેશભાઈ પોકાર દ્વારા તેમની ટીમને કાર્ય કરવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે જે પણ વ્યક્તિએ સહકાર આપ્યો હતો તેમને યાદ કર્યા હતા અને આભાર વ્યક્ત કર્યો હતો, ત્યારબાદ નવીન કારોબારી ટીમની રચના કરવા માટે નિમણુંક કર્તા તરીકે મંડળના સલાહકાર એવા (૧) નરેશભાઈ પારસિયા (૨) જયેશભાઈ ભાવાણીને સભાનું સંચાલન સોંપ્યું હતું અને મુકેશભાઈ પોકારની સમગ્ર કારોબારી સમિતિને મંચ અને તેમના સ્થાન પરથી વિદાય આપવામાં આવી હતી. નવી ટીમ ની પસન્દગી નું કાર્ય કરી ટીમ જાહેર કરવામાં આવેલ.

તે દરિમયાન સભામાં ઉપસ્થિત યુવા મંડળ ની છ્યસ્ માં સુરત સમાજ ના પ્રમુખશ્રી ઝવેરભાઈ રામાણી અને મંત્રીશ્રી રજનીભાઈ વગડીયા ની ખાસ ઉદબોધન આપેલ હતુ

- YSK બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટમાં જીતેલ બંને ટિમો ને સન્માનીત કરેલ હતા....
- AGMનુ સંચાલન વિશાલભાઈ વગડીયા મહામંત્રી યુવક મંડળ અને સંજયભાઈ ભાવાણી દ્વારા થયેલ હતુ

શ્રી કચ્છ કડવા પાટીદાર સનાતન યુવક મંડળ, સુરત ની આજરોજ તા. ૦૮/૦૮/૨૦૨૧ સતરાવાળા ઉધના વાડી ખાતે વાર્ષિક સભાનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં હોદેદાર ની નવી ટીમની વરણી કરવામાં આવી હતી જે નીચે મુજબ છે.

● **પ્રમુખશ્રી** : મુકેશ દેવશીભાઈ પોકાર ● **પૂર્વ પ્રમુખશ્રી** : અમરત પ્રેમજીભાઈ રંગાણી
● **ઉપપ્રમુખશ્રી** : ગોવિંદ ભાણજીભાઈ માકાણી
● **ઉપપ્રમુખશ્રી** : દિનેશ અબજીભાઈ સાંખલા
● **મહામંત્રીશ્રી** : સંજય પ્રેમજીભાઈ ભાવાણી
● **સહમંત્રીશ્રી** : હરેશ નારણભાઈ રંગાણી
● **સહમંત્રીશ્રી** : મિલિન દેવેન્દ્રભાઈ નાકરાણી
● **ખજાનચીશ્રી** : રમેશભાઈ પ્રેમજીભાઈ માકાણી
● **સહ ખજાનચી** : હિતેશ નાનજીભાઈ વાસાણી
● **સહ ખજાનચી** : નિરવ દામજીભાઈ ચૌધરી
● **પ્રવકતા** : વિશાલ રવજીભાઈ વાગડિયા

તમામ હોદેદાર ને ખૂબ ખૂબ અભિનંદન અભિનંદન અભિનંદન...

સંયોજક : દમયંતીબેન ભાવાણી, સુરત

સુરત શહેર યુવક મંડળના પુનઃ વરણી કરવામાં આવેલ પ્રમુખશ્રી, મુકેશ પોકાર, ભટાર રોડ, સુરત

સુરત શહેર યુવક મંડળના નાવનિયુક્ત મહામંત્રી સંજય ભવાણી, સુરત

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ DMG દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા ઝોન સમાજની સામાન્ય સભા અને વર્ષ ૨૦૨૧-૨૪ની નવી કારોબારી સમિતિની રચના

દક્ષિણ મહારાષ્ટ્ર-ગોવા ઝોન સમાજની ૩૬ મી કારોબારી અને જનરલ સભા તા. ૯/ ૮ /૨૦૨૧ ના રોજે કોલ્હાપુર પાટીદાર સમાજ ભવન (વાઠાર) મુકામે ઝોન ના ઉપપ્રમુખ શ્રી રતનસીભાઈ તેજાભાઈ લીંબાણી ના પ્રમુખ પદે સંપન્ન થયેલ હતી .

આજે કોરોનાએ આપણને શીખવાડ્યું કે માનવી જીવનમાં ઓક્સિજનનું કેટલું મહત્વ છે . આ મહામારીમાં ગણા બધા મત્યું ઓક્સિજનના અભાવે થઈ રહેલા છે. ઓક્સિજન નું સાવ નિરમૂલ્ય પ્રાપ્તિસ્થાન છે જે વનસ્પતિ ....

એ વાત ને ધ્યાનમાં રાખી અને આ ઝોન સભાની કાયમી યાદ વર્તમાન અને ભાવિ પેઢીને રહે એ માટે નવ-નિર્વાચિત સમાજ ભવનના પ્રવેશ દ્વાર પર સવારના સૌ પ્રથમ આસોપાલવ વૃક્ષનું રોપણ કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદ બાલિકાઓ દ્વારા પ્રવેશદ્વાર પર કંકુ ચોખાના વધામણાં બાદ આજની સભાની શરૂવાત કરવામાં આવી હતી .

કોલ્હાપુર સમાજના મંત્રીશ્રી ડાહ્યાભાઈ ગોરાણીએ સર્વે હોદેદારો અને સભાસદોને આવકાર્યા પછી સમૂહ પ્રાર્થના બાદ વડીલોના હસ્તે દીપ પ્રાગટય પછી સદગત થયેલ આત્માની શાંતિ અર્થે શ્રદ્ધાંજલિ અર્પિત કરવામાં આવી હતી.

ઝોન મહામંત્રીશ્રી પુરસોત્તમભાઈ રૂડાણીએ સમાજની આ નવનિર્મિત સમાજવાડીમાં સર્વેનું સ્વાગત કરી સભાનો દોર સંભાળ્યો હતો અને કેન્દ્રીય સમાજની આગામી સભાની માહિતી આપી હતી.

આજની સભાના પ્રમુખ સ્થાનેથી રતનસીભાઈ લીંબાણીએ સર્વેને ભાવપૂર્વક આવકારી વિશાળ સંખ્યા માં ઉપસ્થિતિ બદલ આભાર માન્યો હતો.

પછી ગત સાવંતવાડી મિટિંગની મિનિટ્સ બુક નું વાંચન મંત્રીશ્રી કાંતિભાઈ ઠાકરાણીએ કરેલ .

ઝોન ખજાનચીશ્રી વિશ્રામભાઈ જબુવાણીએ હિસાબો રજૂ કર્યા હતા .

મહામંત્રીશ્રી દ્વારા આવેલ પત્રો નું વાંચન કરવા માં આવ્યું હતું .

કોલ્હાપુર સમાજના પ્રમુખ અને કેદ્રિય સમાજના ઉપપ્રમુખશ્રી ગોપાલભાઈ ભાવાણીએ એમની અભ્યાસપૂર્ણ અને આગવી શૈલીમાં વિસ્તાર પૂર્વક સમાજની વર્તમાન અને ભાવિ ગતિવિધિઓ નો ચિતાર આપ્યો હતો .ભુજ ખાતે સમાજની સંપાદિત જમીન, સમાજની કન્યા છાત્રલય નખત્રાણા,ભુજ,માંડવી અને ગાંધીધામ ખાતેની કોવિડ સેવા અને હાલમાં કોલ્હાપુર, ચીપલુણ અને મહાડમાં થયેલ અતિવૃષ્ટિથી થયેલ નુકસાનની માહિતી આપી હતી.

મંત્રીશ્રી દેવજીભાઈ પોકારે ઝોન મિટિંગો માં હોદેદારો અને સભ્યો ની હાજરી ની માહિતી આપી હતી .

રિજીયન યુવાસંઘની ગતિવિધિઓની સંપૂર્ણ માહિતી D.M.G રિજીયનના પ્રમુખ દિનેશભાઈ અને મંત્રીશ્રી ઈશ્વરભાઈ એ આપી હતી.

ખુલા મંચમાં ડાહ્યાભાઈ કોલ્હાપુર, મણીલાલભાઈ શિરોલ, રમણિકભાઈ પડેલ, રામજીભાઈ સાતારા, રવજીભાઈ ઈચલકરંજી, ઈશ્વરભાઈ મહાડ, વીણાબેન ઈચલકરંજી, વગેરે સભ્યોએ એ પોતાના મનોગત અભિવ્યક્ત કર્યા હતા .

ઝોન સમાજના સંસ્થાપક પ્રમુખશ્રી જેઠાભાઈ પોકારે ઝોનની સ્થાપનાથી અત્યાર સુધીની ઝોનની કામગીરીને વખાણી અને ભાવી ઉતંગ કામગીરી માટે સુભેચ્છાઓ આપેલ હતી.

ભોજન બાદ વડીલશ્રી મનુભાઈ નાકરાણી ફલટણ (પ્રમુખશ્રી કેદ્રિય ન્યાય સમિતિ) માર્ગદર્શન કરતા જણાવેલ કે કોરોના કારણે કારોબારીની નિમણૂક કરવામાં એક વર્ષ લંબાઈ ગયું પણ આગામી કાર્યકરણીનો કાર્યકાળ ૨૦૨૧-૨૪ એમ ત્રણ વર્ષનો જ રહેશે .

વર્તમાન કાર્યકરણીનો કાર્યકાળ પૂરો થતાં સર્વે વડીલોની સલાહસુચન થી નીચે મુજબ નવી સમિતિની રચના કરવામાં આવી હતી .

દક્ષિણ મહારાષ્ટ્ર ગોવા ઝોન સમાજ D M G. હોદેદારો

● **પ્રમુખશ્રી** - પુરસોત્તમભાઈ અખૈઇ રૂડાણી રાજાપુર ● IPP - રતીલાલભાઈ મનજી સાંખલા - સાંગલી ● **ઉપપ્રમુખ** - ૧. રતનસી તેજા લીંબાણી કોલ્હાપુર, ૨. બાબુભાઈ જીવરાજ ધોળું મડગાવ ગોવા ● **મહામંત્રી** - કાંતિલાલ રવજી ઠાકરાણી. વિજયદુર્ગ ● **મંત્રી** - ૧. મણિલાલ મેઘજી દિવાણી શિરોલ, ૨. ખીમજી ગોવિંદ લીંબાણી કરાડ, ૩. કાંતિલાલ અમૃતલાલ હળપાણી ઈસ્લામપુર ● **ખજાનચી** - દેવજી કેસરા પોકાર કોલ્હાપુર, ● **સહખજાનચી** - દેવજી લાલજી ભગત ફોડા

સલાહકારશ્રીઓ

૧.જેઠાભાઈ કેશરાભાઈ પોકાર - કોલ્હાપુર,
૨. ગોપાલભાઈ વાલજી ભાવાણી - કોલ્હાપુર,
૩. મનુભાઈ કાનજી નાકરાણી - ફલટણ,
૪. હરિભાઈ માવજી વાગડીયા - કોલ્હાપુર,
૫. મણિલાલ દેવશી છાભૈયા દેવરુખ

ઝોન P R O - પર્વકતા

૧. ઈશ્વરલાલ કરશન રૂડાણી - રત્નાગીરી,
૨. રમણીક રવજીભાઈ ઠાકરાણી - પડેલ
૩. જગદીશ પરબત રામાણી. ઓન્ડ (કરાડ)

નવા વરાયેલ ઝોન સમાજના પ્રમુખશ્રી અને મહામંત્રી શ્રી દ્વારા આભાર પ્રગટ અને એમને સોપાયેલ જવાબદારી સર્વેના સાથ સહકાર થી નિભાવવાની ની સંપૂર્ણ ખાત્રી સાથે આભાર વિધિ અને સમૂહ રાષ્ટ્રગીતના ગુંજન બાદ આજની સભાની સમાપ્તિની જાહેરાત કરવામાં આવી હતી.

સંયોજક :
જગદીશભાઈ રામાણી -કરાડ
રમણિકલાલ ઠાકરાણી-દેવગડ

DMG ઝોન સમાજના પ્રમુખશ્રી - પુરષોત્તમભાઈ અખઈ રૂડાણી - રાજાપુર M.- 8983163636

DMG ઝોન સમાજના મહામંત્રી- શ્રી કાંતિલાલ રવજીભાઈ ઠાકરાણી - વિજયદુર્ગ M.- 9422435527

સાબર યુવાસંઘ : બાયડ-કપડવંજ ડિવિઝન AGM અને રીફ્રોમિંગ મિટિંગ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ નું એવું ધબકતું રીજીયન એટલે સાબર રીજીયન અને તેનું એક અંગ એટલે બાયડ-કપડવંજ ડિવિઝન તેની છ્યસ્તા.૮/૮/૨૦૨૧ ના રોજ વૃંદાવન હોટલ-બાયડ ખાતે ૮:૩૦ કલાકે મળી હતી

આ AGMની શરૂઆતમાં સમૂહ પ્રાર્થના કરવામાં આવી હતી ત્યારબાદ દીપ પ્રાગટ્ય કરી કોરોના કાળમાં દિવંગત થયેલા સમાજના સભ્યો માટે બે મિનિટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી.

ડિવિઝન PRO જય રૂડાણી દ્વારા સ્વાગત પ્રવચન કરી સૌને આવકારવામાં આવ્યા હતા ત્યારબાદ ડિવિઝન મંત્રી સુભાષ ધોળું દ્વારા વર્ષ ૨૦૧૮-૨૧ દરમિયાનના હિસાબનું વાંચન કરી બહાલી મેળવેલ બાદમાં ડીવીજન ચેરમેન નિરલ ભાદાણી દ્વારા ડિવિઝન, રીજીયન તથા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન માં બાયડ - કપડવંજ વિભાગની પ્રવૃત્તિઓની આછેરી ઝલક આપી હતી.

હિંમતનગર ખાતે પંચમ યુવા ઓલમ્પિયાડમાં બાયડ કપડવંજ ડિવિઝનમાંથી આઠ મેડલ વિજેતા ખેલાડીઓને ટ્રોફી ના દાતાશ્રી બાલાસિનોર નિવાસી મૂળ વતન નવામુવાડા લાટ (કપડવંજ) ના શ્રીમાન દિલીપભાઈ માકાણી અને તેમના દીકરા રજત માકાણી દ્વારા ટ્રોફી આપી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેની સાથે ડીવીજનના અશ્વિન છાભૈયા (કિસાન મોરચા પ્રમુખ અરવલ્લી જિલ્લા ભાજપ), સંજય ભીમાણી (ઉપપ્રમુખ, વીરપુર તાલુકા ભાજપ), હરેશ ધોળું (મંત્રી બાલાસિનોર શહેર કિસાન મોરચા)નું સાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માન સમારોહ બાદ સાબર રીજીયન ના સલાહકાર પ્રમોદભાઈ છાભૈયા એ ટીમે કરેલા કાર્ય ને બિરદાવ્યા હતા બાદમાં ડિવિઝન ચેરમેનશ્રી નીરલ ભાદાણી ના પ્રમુખ સ્થાને થી વર્ષ ૨૦૧૮-૨૧ ની ટીમ ને બરખાસ્ત કરવામાં આવી.

ડો. અશોક ભવાણી દ્વારા સમાજમાં થતાં કાર્યો ની ઝલક અને યુવા સુરક્ષા કવચ ની માહિતી આપી નવ યુવાનોને જોડાવાનું સૂચવ્યું હતું. ત્યારબાદ પસંદગી સમિતિએ વર્ષ ૨૦૨૧-૨૩ ની ટીમની જાહેરાત કરી હતી નવી ટીમના ડિવિઝનલ ચેરમેન તરીકે ધર્મેન્દ્ર સાંખલા અને મંત્રી તરીકે રજત માકાણી ની પસંદગી કરવામાં આવી હતી ત્યારબાદ સાબર રિજિયનના ચેરમેનશ્રી મિનેશ વાડિયાએ નવી ટીમ ને શુભેચ્છાઓ પાઠવી હતી. નવા ચેરમેનશ્રી ધર્મેન્દ્રભાઈ સાંખલા એ આગામી વર્ષ ૨૦૨૧-૨૩ માં ડિવિઝન ને તથા રીજીયન ને નવા પ્રોગ્રામો આપી જોમ અને જુસ્સા સાથે ડિવિઝનને ધબકતું રાખવા ની બાહેધરી આપી હતી અને પસંદગી સમિતિનો આભાર વ્યક્ત કર્યો હતો

આભાર વિધિ નવા નિમાયેલા મંત્રી શ્રી રજત માકાણી દ્વારા કરવા માં આવી હતી. અંત માં રાષ્ટ્રગાન સાથે કાર્યક્રમ નું સમાપન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડિવિઝન PRO જય રૂડાણી, પ્રશાંત નાકરાણી, સાબર રિજિયન મહામંત્રી શ્રી બીપીન રંગાણી ડિવિઝન સ્પોર્ટ્સ કન્વિનરશ્રી અનલ ભાદાણી દ્વારા કરવામાં આવ્યું હતું .

આ કાર્યક્રમમાં વિશેષ સાબર રિજિયન ચેરમેન શ્રી મિનેશવાડિયા, મહામંત્રી શ્રી બીપીન રંગાણી, રિજિયન પસંદગી સમિતિના સભ્ય શ્રી પ્રમોદ છાભૈયા, કિરીટ ભોજાણી, અરવલ્લી ઝોન સમાજ પ્રમુખશ્રી ડો.અશોક ભાવાણી, ઉપપ્રમુખ શ્રી રવિભાઈ પારસીયા, ધનસુરા સમાજના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી અમરત બાપા, રીજીયન ના YSK કન્વીનર શ્રી મિતેષ છાભૈયા, સામાજિક આધ્યાત્મિક સમિતિ કન્વીનર ભદ્રેશ છાભૈયા, બિઝનેસ સેલ કન્વીનર હરેશ ધોળું, સ્પોર્ટ્સ કન્વીનર કેવિન કાલરીયા, સમાજના રાજકીય આગેવાન અરવલ્લી જિલ્લા કિસાન મોરચાના નવનિયુક્ત પ્રમુખ શ્રી અશ્વિન છાભૈયા, વિરપુર તાલુકા ઉપપ્રમુખ શ્રી સંજય ભીમાણી, બાયડ કપડવંજ ડિવિઝનના કારોબારી સભ્યો કાર્યકર્તાઓ ને દરેક કંપા અને લાટ માંથી ૨૦૦ જેટલા જ્ઞાતિજનો હાજર રહી ઉત્સાહ વધાર્યા હતો . ત્યારબાદ સૌ જ્ઞાતિજનો સમુહ ભોજન લઈ છુટા પડ્યા હતા.

સંયોજકઃ બાયડ-કપડવંજ ડિવિઝન ટીમ 2018-21 PRO જય રૂડાણી

ઉત્કૃષ્ઠ પરિણામ મેળવ્યું : કુમારી કનક 97.40 માર્ક

અત્રે શ્રી ઔરંગાબાદ સ્થિત શ્રીમાન ભોગીલાલ શિવજીભાઈ નાકરાણી અને મંગળાબેન ભોગીલાલ નાકરાણીની પૌત્રી અને દિવ્યાબેન નીતિન ભોગીલાલ નાકરાણીની પુત્રી કુમારી કનક 10th CBSC માં 97.40 માર્ક મેળવેલ છે.



Name: PATEL BHAKTI KAPIL
Seat Number: R074823
Division: Aurangabad

Subjects Code	Subject Name	Marks Obtained
01	ENGLISH	095
04	HINDI	095
48	PSYCHOLOGY	097
49	ECONOMICS	098
58	DESIGN & COLOUR	098
60	HISTORY OF ARTS & APPREC.	092
	Total Marks:	575/600

RESULT : PASS

ઔરંગાબાદ સમાજનું ગૌરવ છે. મો.ન.૯૨૮૪૯ ૨૨૪૫૫

MGR મહાત્મા ગાંધી રિજીયન યુવાસંઘ વિદ્યાલક્ષ્મી અમૃતકુંભ લકી ડ્રૉ

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ, અમદાવાદ ઝોન, સૌરાષ્ટ્ર ઝોન અને યુવાસંઘ - મહાત્મા ગાંધી રિજિયન દ્વારા "વિદ્યાલક્ષ્મી અમૃતકુંભ લકી ડ્રૉ" નો કાર્યક્રમ તા. ૦૮-૦૮-૨૦૨૧ રવિવારના રોજ ઓઢવ સમાજવાડી ખાતે સવારના ૯.૩૦ કલાકે યોજાયો. આ લકી ડ્રૉ ના કાર્યક્રમ માં અમદાવાદ તથા સૌરાષ્ટ્રના ઘટક સમાજો માથી મોટી સંખ્યામાં વડીલો તથા યુવાનોએ હાજરી આપી હતી, કોરોના મહામારી ના કારણે આ વિદ્યાલક્ષ્મી અમૃતકુંભ લકી ડ્રૉ નું આયોજન માં થોડું વિલંબ થયું હતું, પણ ઘણા લાંબા સમય પછી સૌ કોઈ કાર્યક્રમ માં એકત્રિત થયા તે સૌના માટે આનંદની વાત હતી.

કાર્યક્રમ અમદાવાદ ખાતે ઓઢવ સમાજવાડીના મેન હોલ માં યોજાયો જેનું સંચાલન MGR અમદાવાદ Div ચેરમેન દીપક લીંબાણી અને MGR પ્રવક્તા નરેશ રત્નાણી દ્વારા કરવામાં આવેલ, કાર્યક્રમ માં અમદાવાદ ઝોન સમાજ પ્રમુખશ્રી જયંતીભાઈ પોકાર ની સાથે ઝોન સમાજ ના તમામ વડીલો એ હાજરી આપી હતી, વિશેષમાં કેન્દ્રિય સમાજ ના ઉપપ્રમુખશ્રી ડૉ. શાંતિલાલ સેંઘાણી, સહ ખજાનચીશ્રી મણીભાઈ માવાણી અને યુવાસંઘ નર્મદા કાઉન્સિલ સેક્રેટરી ડૉ. વિપુલ છાભૈયાએ તેમનો કીમતી સમય આપી ને કાર્યક્રમમાં હાજરી આપી હતી.

વિદ્યાલક્ષ્મી અમૃતકુંભની યોજના વિષય અને લકી ડ્રૉ પર ની પ્રસ્તાવના હરસુખભાઈ રામાણી દ્વારા આપવામાં આવી હતી અને ત્યારબાદ લકી ડ્રૉ ની સુરુવાત કરવામાં આવી, જેમાં કુલ ૭૩ ઈનામો આપવાના જાહેર કરવાના હતા.

લકી ડ્રૉ ના આયોજન માં સ્યઇ ચેરમેન વિપુલ પોકાર, મિશન ચેરમેન ચંદ્રેશ ચૌહાણ, રિજીયન ચીફ સેક્રેટરી સંજય ધોળુ, Div ચેરમેન દીપક લીંબાણી, Div Sec નવીન ભગત, ખજાનચી મનસુખ પોકાર, વેબકોમ કન્વીનર નિલેશ વાસાણી, ઓઢવ યુવા મંડળ ના મંત્રી શૈલેષ સાંખલા અને તેમની પૂરી ટીમે સાથે મળી ને કર્યું હતું.. લકી ડ્રૉ ના ઈનામો ની ખરીદી ની જવાબદારી નરોડા યુવા મંડળ ના પુર્વ પ્રમુખ નવીનભાઈ લીંબાણી પર મૂકવા મા આવી હતી.. સાથે સાથે થીમ કન્વીનરો પણ સક્રિય ભૂમિકા ભજવી હતી જેના કારણે આ વિદ્યાલક્ષ્મી અમૃતકુંભ લકી ડ્રૉ સફળતા પૂર્વક યોજાયો હતો.

MGR માં બે સમાજ ઝોન નો સમાવેશ આવે છે, લકી ડ્રૉ ના ઈનામો પણ લગભગ સરખા ભાગે નિકળ્યા હતા, અમદાવાદ ઝોનના ફાળે ૩૮ અને સૌરાષ્ટ્ર ઝોનમાં ૩૫ ઈનામો લાગ્યા હતા. લકી ડ્રૉ પૂર્ણ થયા બાદ સૌ સાથે જમી ને છૂટા પડ્યા હતા.

MGR PRO - નરેશ રત્નાણી
Team_MGR

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવાસંઘ બાયડ કપડવંજ ડિવિઝનની નવી નિયુક્ત ૨૦૨૧-૨૦૨૩ ની ટીમ

● **IPC** : - નીરલભાઈ ભાદાણી (અલવા કંપા) ● **ડિવિઝનલ ચેરમેનશ્રી**:- ધર્મેન્દ્રભાઈ સાંખલા (સાઠંબા) ● **ઉપપ્રમખશ્રી**:- હરેશભાઈ ધોળું (બાલાસિનોર) ● **ડિવિઝનલ સેક્રેટરીશ્રી**:- રજતભાઈ માકાણી (બાલાસિનોર) ● **PRO**:- અનલભાઈ ભાદાણી (અલવા કંપા) ● **ખજાનચી**:- કિરણભાઈ સુરાણી (સાઠંબા) ● **વેબકોમ કન્વીનરશ્રી**:- યાગ્નિક ચોપડા (બાયડ) ● **સહ કન્વીનરશ્રી**:- હિરેન માકાણી (કદમપુરા લાટ) ● **Y.S.K કન્વીનરશ્રી**:- ધર્મેશ પોકાર (ડેમાઈ) ● **સ્પોર્ટ્સ કન્વીનરશ્રી**:- હર્ષિલ રૂષાત (કપડવંજ) ● **સહ કન્વીનરશ્રી**:- ઉત્સવ લીંબાણી (માધવ કંપા) ● **યુવા ઉત્કર્ષ કન્વીનરઃ**- દિપકભાઈ પોકાર (કદમપુરા લાટ) ● **સહ કન્વીનરશ્રી**:- દીપલબેન ધોળું (દુધેલી લાટ) ● **એજ્યુકેશન એન્ડ ટેલેન્ટ હન્ટ કન્વીનરઃ**- પ્રશાંતભાઈ નાકરાણી(રણજીતપુરા કંપા) ● **સહ કન્વીનરશ્રી**:- રિધ્ધિબેન રૂષાત (ડેમાઈ) ● **એગ્રીકલ્ચર એન્ડ એન્વાયર્મેન્ટઃ**- ભાવેશ લીંબાણી (થવાદ લાટ) ● **સહ કાન્વીનર** : કેતન દીવાણી(રામસી કંપા) ● **પોલિટિકલ એન્ડ લીડરશીપઃ** વૈદિક ડાયાણી(કાવઠ શંકરપુરાલાટ) ● **બિઝનેસ સેલ**:- જયેશભાઈ ઠાકરાણી (બાયડ) ● **હેલ્થ એન્ડ ડીઝાસ્ટરઃ**- પંકિત વાડીયા(માધવ કંપા) ● **સોશિયલ એન્ડ સ્પિરિટયુઅલઃ**- રાનીલભાઈ વાસાણી (શંકરપુરાકંપા-(ડેમાઈ) ● **મેટ્રોમોનીયલઃ**- કમલેશભાઈ પોકાર (કાપડીવાવ) ● **વિદ્યાર્થી સંઘઃ**- ધ્રુવ પોકાર (કનીજ લાટ) ● **સહ કન્વીનરશ્રી**:- દીપ પોકાર (શાંતિપુરા કંપા)

ૐ નમઃ શિવાય

શિવ આરાધનાના પાવન માસ શ્રાવણની શરૂઆત થઇ ગઇ છે.

પરંતુ શું આપ જાણો છો કે, શ્રાવણ માસ શિવ આરાધના માટે શ્રેષ્ઠ કેમ મનાય છે? આ શ્રાવણનો પ્રારંભ કેવી રીતે થયો ?

ભગવાન શંકરનો મહિમા અનેરો અને અદકેરો છે. શિવ ભકતો માટે શિવની આરાધના અને ઉપાસનાનો મહિનો એટલે શ્રાવણ માસ . વેદકાળથી જ શિવજી ની ઉપાસના થતી આવી છે.

શ્રાવણ માસના પ્રારંભ પાછળ સમુદ્ર મંથનની કહાણી નું મહત્તમ વિશિષ્ટ દર્શાવવામાં આવ્યું છે. સમુદ્રમંથન બાદ શ્રાવણ માસમાં મહાદેવની આરાધના નો ઉત્સવ શરૂ થયો હતો . જ્યારે સમુદ્ર મંથન થયુ હતું, ત્યારે શ્રાવણ માસ ચાલતો હતો. સમુદ્ર મંથનમાંથી વિષ નીકળ્યું હતું, જેને મહાદેવે ગ્રહણ કર્યું હતું. જેના કારણે તે નીલકંઠ કહેવાયા . આ રીતે તેમણે સૃષ્ટીને વિષથી બચાવી હતી.

શિવના ઉદાત ભાવથી પ્રેરાયા બાદ દેવી દેવતા સહિત સમસ્ત સંસાર તેની સ્તુતિ કરવા લાગ્યાં. બસ આ ઘટના બાદથી સંસાર શિવભક્તિમાં ડૂબી ગયો. બસ આ ઘટના બાદથી શ્રાવણ માસમાં શિવ આરાધનાનો ઉત્સવ શરૂ થયો. જે આજે પણ યથાવત છે. જગતના હિત માટે વિષ ગ્રહણ કરનાર એ કલ્યાણકારી મહાદેવની ભક્તિમાં સમસ્ત સંસાર ડૂબી જાય છે.

સાત્વિક સહજ ભકિતથી પ્રસન્ન થનારા ભગવાન શંકર મહાપ્રલયકારી છે. અનિષ્ટોના વિનાશક તમામ ગ્રહોના અધિષ્ઠાત્રા મહાદેવ શિવ છે.

આ માસમાં થયેલી શિવ આરાધના, અભિષેક, મંત્રજાપ,નું પુણ્ય અતિ શીઘ્ર મળે છે. જે રીતે ચોમાસામાં વાવેલું ઉગી નીકળે છે, તેવી જ રીતે શ્રાવણ માસમાં કરેલી શિવ આરાધનાનું ફળ સુનિશ્ચિત રીતે મળે છે.

સામાજિક અને આધ્યાત્મિક મિશન
જ્યોતિ સેંઘાણી, વિદર્ભ

યજ્ઞ સંબંધિત કાર્યો કરવા માટે યજમાનોને સુગમતા રહેશે

લુડવાના દાતાએ રાજપરના બિલેશ્વર મહાદેવ મંદિરમાં યજ્ઞશાળા તૈયાર કરાવી

। ભુજ ।

રાજપર પાસે આવેલા બિલેશ્વર મહાદેવ મંદિર ખાતે લુડવા ગામના પાર્વતીબેન ધોળુ સહ પરિવાર દ્વારા શાસ્ત્રોકત વિધી વિધાન પ્રમાણે પિપલાદ ઋષિ યજ્ઞશાળા બનાવવામાં આવી છે. પ્રારંભે આસપાસના કર્મકાંડી બ્રાહ્મણો દ્વારા લઘુરૂદ્ર યજ્ઞ કરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગઢશીશા અંબેધામના પ.પૂ. દેવી ચંદુમા, લુડવા ભગવતીધામના દેવી પાર્વતીદેવી ઉપસ્થિત રહ્યા હતા અને દાતા પરિવારને આર્શિવચન પાઠવીને સન્માનપત્ર આપીને શાલ ઓઢાળીને સન્માન કર્યું હતુ. દાતા પરિવાર તરફથી પણ તેમને શાલ ઓઢાળીને સન્માનિત કરાયા હતા. દાતા પરિવારને બિલેશ્વર મહાદેવ મંદિરના મહંત ચમનગીરી ગોસ્વામી તથા ટ્રસ્ટી ગણ તરફથી સન્માનિત કરાયા હતા. આ પ્રસંગે ભેરૈયાના ધીરૂ મહારાજ તેમજ ગઢશીશાના રાજા મહારાજે જણાવ્યું હતું કે, યજ્ઞશાળાની સુવિધા ઉભી થતાં મંદિરે દર્શન કરવા માટે આવતા શ્રદ્ધાળુઓને સારી સગવડ મળી રહેશે તેવું લુડવાના ગીરીશભાઈ ઓઝાએ જણાવ્યું હતુ.

॥ શ્રી લક્ષ્મીનારાયણાભ્યામ્ નમઃ ॥ ॥ શ્રી ઉમિયાયૈ નમઃ ॥

શ્રી લક્ષ્મીનારાયણ લાડવા

જય લક્ષ્મીનારાયણ સાથે જણાવવાનું કે ફરી એક વાર શ્રી લક્ષ્મીનારાયણ સમાજ મુંબઈ દ્વારા આવનારી સાતમ-આઠમ નિમિત્તે પ્રસાદ સ્વરૂપે કોઈ પણ જાતના ભેદભાવ વગર સર્વે જ્ઞાતિજનોને શુદ્ધ ગાયના ઘી માં બનાવેલ સંસ્થા કોઈ પણ નફો રાખ્યા વગર એકદમ પડતર ભાવે આપવામાં આવશે.

છેલ્લા બે વર્ષથી આપણા કાર્યકર્તાઓની નિષ્કામ સેવા થકી આ કાર્ય કરી શકીયે છીએ.

સર્વેને નમ્ર વિનંતી કે આવનારી ૧૦-૮-૨૦૨૧ મંગળવારથી બુકીંગ શરુ થશે જેથી સમયસર પોતાનો ઓર્ડર નોંધાવી સહયોગ કરશો.

શ્રી ક.ક.પા.લક્ષ્મીનારાયણ સનાતન સમાજ, મુંબઈ

www.jeevansparsh.com

- Corporate Club Member - LIC OF INDIA
- TOT, COT & MDRT (USA) Qualifier Member Since 2002
- Life Member of MDRT (USA)
- "Area Chair for Central INDIA" of MDRT MCC Committee

BRIJESH PATEL
INSURANCE & INVESTMENT CONSULTANT

Insurance Planning | Wealth Management | Prudent Advice | Technology Enabled

All above, with best in class servicing

LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA · Qualifying & Life Member MDRT®

JEEVAN SPARSH
E-73 Sector-I, Devendra Nagar, Raipur (C.G.), Tel. : 0771-2524774, 4044774
Mob. : 94252 04774, 95841 47000, E-mail: jeevansparsh@gmail.com,
सही सलाह हर बार...